GJGS020017192020

सत्यमेव जयते

**સ્પે.દિ.મુ.નં.૦૯/૨૦૨૦**

## આંક–૫ હેઠળ હુકમ:–

(૧) આ કામના વાદી ધ્વારા હાલનો દાવો વેચાણ રજીસ્ટર રદ ઠરાવવા તથા પાર્ટીશન અંગે લાવવામાં આવેલ છે અને વચગાળાનો મનાઈ હુકમ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદીઓ પ્રતિવાદી નં.૧ ની પુત્રીઓ છે. પ્રતિવાદી નં. ૨ પણ પ્રતિવાદી નં.૧ ની પુત્રી છે. વાદીઓના માતૃશ્રી હેમીબેન ભીખાભાઈ જોટવાનું તા.૧૦/૦૮/૨૦૦૧ ના રોજ અવસાન થતા વાદીઓના પિતાશ્રી ભીખાભાઈ રામસીભાઈ જોટવાએ સને–૨૦૦૨ માં આ કામના પ્રતિવાદી નં.૩ ધર્મિષ્ઠાબેન સાથે બીજા લગ્ન કરેલ અને તેની સાથેના લગ્ન જીવનથી સંતાનમાં પ્રતિવાદી નં.૪ પુત્ર જયનીલ તથા પ્રતિવાદી નં.૫ પુત્રી શીતલનો જન્મ થયેલ. વાદીઓના પિતાશ્રી ભીખાભાઈ રામસીભાઈ જોટવા વેરાવળ તાલુકાના મોજે વેરાવળના રેવન્યુ સર્વે નં.૧૩૦૪ પૈકી, એકર ૫–૦૦ ગુંઠા તથા રેવન્યુ સર્વે નં.૧૨૯૮, હે–આરે ૧–૬૩–૯૦ ચો.મી. જમીનો ધરાવતા હતા. જે પૈકી રેવન્યુ સર્વે નં.૧૩૦૪, એકર ૫–૦૦ ગુંઠા જમીન આ કામના પ્રતિવાદી નં.૩ ના નામે કરી આપેલ અને તે અંગેની નોંધ વેરાવળ ગામના હકકપત્રક નોંધ નં.૬૫૨૯ થી પ્રમાણીત થયેલ. રેવન્યુ સર્વે નં.૧૨૯૮, હે–આરે ૧–૬૩–૯૦ ચો.મી. પ્રતિવાદી નં.૧ ના નામે આવેલ હતી, જે જમીનમાં વાદીઓનો હિન્દુ કાયદા મુજબનો કાયદેસરનો ૨/૭ હિસ્સો, લાગભાગ, હકક, હિત સમાયેલ છે. વાદીઓના પિતાશ્રી ભીખાભાઈ રામસીભાઈ જોટવા સને–૨૦૧૨ થી માનસીક બીમારીથી પીડાઈ રહયા છે અને તેમની સારવાર ચાલુ છે. આ રીતે વાદીઓના પિતાશ્રી માનસીક રીતે અસ્થિર મગજના છે અને તેઓ માનસીક સંતુલન જાળવી શકતા નથી. પ્રતિવાદી નં.૧ ભીખાભાઈ રામસીભાઈ જોટવાના

નામે આવેલી રેવન્યુ સર્વે નં.૧૨૯૮ વાળી જમીન તેઓ પાસેથી પ્રતિવાદી નં.૩ ધર્મિષ્ઠાબેન ભીખાભાઈ જોટવાએ રજીસ્ટર્ડ દસ્તાવેજ અનુક્રમ નં.૭૩૦૨, તા.૧૯/૧૨/૨૦૧૯ થી સબ રજીસ્ટ્રાર કચેરી વેરાવળ ખાતે નોંધાવી લીધેલ. આ કામના વાદીઓના પિતાશ્રી એટલે કે પ્રતિવાદી નં.૧ ની માનસીક સ્થિતી સારી ન હોવાથી તેમનો ફાયદો ઉઠાવી આ કામના વાદીઓના પિતાશ્રી પાસેથી વેચાણ દસ્તાવેજમાં સહીઓ લઈ, કપટ પુર્વક આ મિલકત પચાવી પાડવા માટે બોગસ અને બનાવટી, બીન અવેજી દસ્તાવેજ નોંધાવી લીધેલ અને તેની નોંધ રેવન્યુ રેકર્ડમાં વેરાવળ ગામના હકકપત્રક નોંધ નં.૩૩૬૮૦ તા.૦૨/૦૩/૨૦૨૦ થી પ્રમાણીત કરાવી લીધેલ. પ્રતિવાદી નં.૧ માનસીક રીતે અસ્થિર હોવાથી કોઈપણ દસ્તાવેજમાં પોતે સહી કરવા સમર્થ નથી અને તેની આવી પરિસ્થિતીનો લાભ લઈ આ કામના વાદીઓના પિતાશ્રીએ પ્રતિવાદી નં.૩ સાથે લગ્ન કરેલ તેમને આ કામના વાદીઓ તથા તેમના સંતાનોનો આ મિલકતમાં ૨/૭ હિસ્સો, હકક હોવા છતાં હકક, હિસ્સો ડુબાડવા માટે વાદીઓના પિતાશ્રીની માનસીક અસ્થિરતાનો લાભ લઈ બોગસ, બનાવટી અને બીનઅવેજી કપટ પુર્વક ખોટુ વેચાણ દસ્તાવેજ બનાવેલ છે. જે અંગે વાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૩ વિગેરે વિરુધ્ધ વેરાવળ સીટી પોલીસ સ્ટેશનમાં તા.૦૪/૧૧/૨૦૨૦ ના રોજ લેખીત ફરીયાદ પણ આપેલી હતી. વાદી નં.૧ ને પ્રથમથી જ શંકા હતી કે આ કામના પ્રતિવાદી નં.૧ ની માનસીક અસ્થિરતાનો લાભ લઈ પ્રતિવાદી નં.૩ પ્રતિવાદી નં.૧ ની મિલકતો પચાવી પાડશે અને તે મિલકતોમાં આ કામના વાદીઓ તથા તેમના સંતાનોનો હિસ્સો હોવા છતાં આ મિલકતના વેચાણ દસ્તાવેજો કે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર કરે તેવી દહેશત હોવાથી વાદી નં.૧ નાએ વેરાવળના મામલતદાર સાહેબની કચેરીમાં તા.૨૧/૦૭/૨૦૧૪ ના રોજ એક અરજી પણ કરેલ હતી અને આ મિલકત અન્યના નામે ટ્રાન્સફર કરે તેવી શંકા વ્યકત કરેલી અને તે અરજી સાથે આ કામના પ્રતિવાદી નં.૧ ના સારવારના પેપર્સ પણ રજુ કરેલા અને તે અરજીની નકલો વાદી નં.૧ નાએ સબ રજીસ્ટ્રારશ્રી વેરાવળ તથા નાયબ કલેકટરશ્રી વેરાવળ તથા મુખ્યમંત્રીશ્રીના કાર્યલયે આપેલ અને તે અરજી અનુસંધાને વેરાવળના મામલતદાર સાહેબે

સીટી તલાટી વેરાવળને તા.૨૫/૦૭/૨૦૧૪ ના રોજ એક પત્ર લખી અને આ બાબતે વિશેષ તકેદારી રાખવાની જાણ કરેલ. આ જમીનનું વેચાણ દસ્તાવેજની જાણ વાદીઓ પ્રતિવાદી નં.૧ ના વારસદાર હોય અને વાદી નં.૧ નો પુત્ર પણ પ્રતિવાદી નં.૧ સાથે રહેતો હોય અને વારસાઈની રૂએ વાદી નં.૧ નાએ ખેતીની જમીન ખરીદવાની હોય અને ખેડુત ખાતેદાર માટે રેવન્યુ રેકર્ડની નકલોની જરૂરીયાત હોય જેથી રેવન્યુ રેકર્ડની નકલો કઢાવતા આ જમીનનું વેચાણ દસ્તાવેજ થયેલાની જાણ થયેલ અને તેના આધારે વાદી નં.૧ નાએ વકીલશ્રીનો સંપર્ક કરી વેચાણ દસ્તાવેજની નકલ સબ રજીસ્ટ્રાર કચેરી માંથી મેળવેલ છે અને આ વેચાણ દસ્તાવેજની નકલ કઢાવતા જાણ થયેલ કે આ કામના પ્રતિવાદી નં.૨ થી ૫ નાએ મિલાપી જઈ આ કામના પ્રતિવાદી નં.૧ ની માનસીક અસ્થિરતાનો લાભ લઈ હાલનું બોગસ, બનાવટી તેમજ બીનએવજી દસ્તાવેજ નોંધાવી લઈ પ્રતિવાદી નં.૩ ના નામે રેવન્યુ રેકર્ડમાં નોંધ કરાવી લીધેલ છે. વાદીઓનો હકક, હિસ્સો ન આપવાના મલીન ઈરાદાથી હાલનુ આ બોગસ, બનાવટી અને બીનઅવેજી વેચાણ દસ્તાવેજ નોંધાવેલ છે. વિશેષમાં હિન્દુ કાયદા અનુસાર પ્રતિવાદી નં.૧ ની તમામ મિલકતો હિન્દુ અવિભકત સંયુકત કુટુંબની કબજા ભોગવટા અને માલીકીની બને જેમાં કાયદા અનુસાર વાદીઓનો જન્મથી જ માલીકી અધિકાર પ્રાપ્ત થાય છે ત્યારે વાદીઓની સહી, સંમતિ કે વ્યવસ્થા વગર ફકત પ્રતિવાદી નં.૧ ની નાદુરસ્ત તબીયત ધ્યાને લઈ ભવિષ્યમાં તેમનું નિધન થાય તો વાદીઓના નામ મહેસુલી દફતરે દાખલ ન કરવા પડે તેવા બદઈરાદાથી વેચાણ દસ્તાવેજ બીનઅવેજી કરાવી લેવામાં આવેલ છે, જે પ્રથમથી જ ગેરકાયદેસરનું રદ અને નિરર્થક છે. વાદીઓનો આ પ્રથમદર્શનીય કેસ છે. વાદીઓ આ કામના પ્રતિવાદી નં.૧ ના કાયદેસરના તથા સીધી લીટીના વારસદારો હોય અને પ્રતિવાદી નં.૧ ના નામે રેવન્યુ સર્વે નં.૧૨૯૮ તથા રેવન્યુ સર્વે નં.૧૩૦૪ પૈકી વાળી ખેતીની જમીનો આવેલી હતી અને પ્રતિવાદી નં.૧ ના ખાતેદાર ખેડુત હતા અને વાદીઓ ખાતેદાર ખેડુતના પુત્રીઓ છે. પ્રતિવાદી નં.૩ નાએ પ્ર તિવાદી નં.૧ ની માનસીક અસ્થિરતાનો ગેરલાભ લઈ પ્રતિવાદી નં.૧ ના નામે આવેલ

ખેતીની જમીનનું બીનઅવેજી, બોગસ અને બનાવટી દસ્તાવેજ નોંધાવી દાખલ કરાવી પોતાના નામે જમીન કરી લીધેલ છે અને વાદીઓના હકક, હિસ્સાને નુકશાન પહોચાડેલ છે અને પ્રતિવાદી નં.૩ નાએ તમામ મિલકત પોતાના નામે કરાવી લઈ મિલકતનું વેચાણ કરી નાખશે તેવી પુરેપુરી શકયતા છે. વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં છે. હાર્ડશીપની દ્રષ્ટિએ વાદીનો કેસ વધુ મજબુત છે. ઈરીપેરેબલ લોસની દ્રષ્ટિએ જોઈએ તો પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૧ ના નામે આવેલ ખેતીની જમીનો માનસીક અસ્થિરતાનો લાભ લઈ પોતાના નામે કરાવી લીધેલ છે અને વાદીઓની હિન્દુ અવિભકત કુટુંબની મિલકતમાં ૨/૭ હિસ્સો, હકક અને અધિકાર સમાયેલો હોય જો પ્રતિવાદી નં.૩ ના નામે વેચાણ લીધેલ દાવાવાળી મિલકતનું વેચાણ દસ્તાવેજ રદ કરવામાં ન આવે તો વાદીઓને નાણાંમાં ન વાળી શકાય તેવુ નુકશાન જાય તેમ છે. પ્રતિવાદીઓ વાદીઓના હકક, હિત, હિસ્સા વાળી મિલકતનો અન્યને ટ્રાન્સફર, વેચાણ, ગીરો કરી દે અગર તો મિલકતો ઉપર લોન ધીરાણ મેળવી બોજા ઉભા કરી દે તો વાદીઓએ તે મિલકત માંથી હાથ ધોઈ નાખવા પડે અને વાદીઓ તેમની મિલકતના હકક, અધિકારોથી વંચિત થઈ જાય અને દાવાની હારમાળા સર્જવી પડે અને ખુબ મોટી નુકશાની વેઠવાનો વારો આવે. વાદીઓને પારાવાર અને નાણાંમાં ન સુધરી શકે તેવુ ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે. જયારે માંગ્યા મુજબ મનાઈ હુકમ ફરમાવવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન નથી તેવુ જણાવી હાલની અરજીમાં એવી દાદ માંગેલ છે કે દાવાના વિષય વાળી વેરાવળ તાલુકાના ગામ વેરાવળની રેવન્યુ સર્વે નં.૧૨૯૮, હે–આરે ૧–૬૩–૯૦ ચો.મી. વાળી સીમની જમીન માહેનો ઉપજ નિપજનો તમામ હિસાબ આ કામના પ્રતિવાદીઓ દાવો દાખલ થયાની તારીખથી વાદીઓને તેમનો હિસ્સો મળી જાય ત્યાં સુધીનો વખતો વખતનો હિસાબ રજુ કરતા રહે તથા પ્રતિવાદીઓ કે પ્રતિવાદીઓના માણસો, મજુરો, મુખત્યારો, નોકર, ચાકર, કુટુંબીઓ, વંશ–વારસો કે પ્રતિવાદીઓ થકી અન્ય કોઈ દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ ની માલીકીની હિન્દુ અવિભકત કુટુંબની મિલકતમાં વાદીનો હિન્દુ

કાયદા મુજબ ૨/૭ લાગભાગ, હિકક, હિત, હિસ્સો અને અધિકાર સમાયેલો હોય તે વાદીઓનો હિસ્સો સોંપી આપવામાં ન આવે ત્યાં સુધી તબદીલ, ટ્રાન્સફર, એસાઈન, ગીરો, બક્ષિસ, વેચાણ કરે કરાવે નહી કે મિલકત ઉપર બોજા ઉભા કરે કરાવે નહી કે રેવન્યુ રેકર્ડમાં કોઈપણ જાતના ફેરફારો કરે નહી કે બીનખેતી અંગેની કોઈ કાર્યવાહી કરે કરાવે નહી કે અન્ય કોઈને કબજો સોપે સોપાવે નહી તેવો દાવો ચાલતા સુધીનો વચગાળાનો મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીઓને દાવાનો સમન્સ તથા હાલની અરજીની નોટીસ બજી જતા પ્રતિવાદીઓ તેમના વકીલ મારફત હાજર થઈ આંક–૧૪ થી વાદીની દાવા અરજીનો લેખીત જવાબ રજુ રાખેલ છે તથા આંક–૧૫ થી વચગાળાના મનાઈ હુકમની અરજીનો લેખીત જવાબ રજુ રાખેલ છે. જેમાં મહદઅંશે વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈહુકમની અરજીની હકીકતોનો પારાવાઈઝ ઈન્કાર કરેલ છે અને ખરી હકીકત તરીકે એવી હકીકત જણાવેલ છે કે પ્રતિવાદી નં.૧ ની પ્રથમ પત્ની હેમીબેન હતા. તેઓના લગ્ન જીવનથી (૧) જીવતીબેન (૨) કંચનબેન તથા (૩) મલીબેન એમ ત્રણ પુત્રીઓ તથા એક પુત્ર બાલુભાઈ કે જે ગુજરી ગયા છે. એ રીતેના પ્રથમ પત્નીના કુલ ચાર સંતાનો છે. તે પૈકી વાદી નં.૧ તથા વાદી નં.ર પ્રતિવાદી નં.૧ ના પ્રથમ પત્નીની પુત્રીઓ છે અને પ્રતિવાદી નં.ર પ્રતિવાદી નં.૧ ની પ્રથમ પત્ની હેમીબેનથી થયેલ પુત્રી છે. પ્રતિવાદી નં.૧ ની પ્રથમ પત્ની હેમીબેન ગુજરી જતા પ્રતિવાદી નં.૩ સાથે બીજા લગ્ન કરેલ અને આ બીજા લગ્નથી જયનીલ તથા શીતલ એમ એક પુત્ર તથા એક પુત્રીનો જન્મ થયેલ. જે આ કામે પ્રતિવાદી નં.૪, ૫ નાઓ છે અને આ બંને સગીરો છે. દાવાવાળી રેવન્યુ સર્વે નં.૧૨૯૮ વાળી ખેતીની જમીન જેના એકર ૪–૦૨ ગુઠા પ્રતિવાદી નં.૧ ની સ્વપાર્જીત કમાણી માંથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૫૫૮ થી તા.૨૬/૦૭/૧૯૭૭ ના રોજ આહેર બચુ લખમણ પાસેથી ખરીદ કરેલ. જે અંગે હકકપત્રક નોંધ નં.૪૦૫૧ થી પ્રતિવાદી નં.૧ ના નામે નોંધ પ્રમાણીત થયેલ છે. તે જ રીતે રેવન્યુ સર્વે નં.૧૩૦૪ વાળી ખેતીની જમીન પ્રતિવાદી નં.૧ નાએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૫૦૫ થી

તા.૦૪/૧૧/૧૯૭૨ ના રોજ પ્રતિવાદી નં.૧ ની સ્વપાર્જીત કમાણી માંથી ખરીદ કરેલ. જેની નોંધ હકકપત્રક નોંધ નં.૩૨૫૩ થી પ્રમાણીત થયેલ છે અને તે જમીન પ્રતિવાદી નં.૧ નાએ રાજીખુશીથી પ્રતિવાદી નં.૩ ના ખાતે કરી આપેલ જે હકકપત્રક નોંધ નં.૬૫૨૯ થી તા.૦૮/૦૫/૨૦૦૩ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ પણ મામલતદારશ્રી વેરાવળે સને ૨૦૦૩ ની સાલમાં પ્રમાણીત કરી આપેલ છે. જે હકીકત આ કામની વાદીચણો સારી રીતે જાણે છે. આ કામની વાદીચણો પ્રતિવાદી નં.૧ ની પ્રથમ પત્ની હેમીબેનથી થયેલ સંતાનો છે. પ્રતિવાદી નં.૧ નાએ તેઓના લગ્ન પ્રતિવાદી નં.૧ ના ખર્ચે કરી આપેલ અને લગ્ન વખતે દર દાગીના અને કરીયાવર પણ આપેલો અને તે રીતે પ્રતિવાદી નં.૨ ના પણ લગ્ન પ્રતિવાદી નં.૧ નાએ કરી આપેલ અને તેણીને પણ સોનાના દર દાગીના વિગેરે વાદીઓને આપેલ તેટલુ જ પ્રતિવાદી નં.૨ ને પણ દર દાગીના આપેલ અને પ્રતિવાદી નં.૧ નાએ વાદીઓ તથા પ્રતિવાદી નં.૨ ના લગ્ન થયા બાદ પ્રતિવાદી નં.૧ નાએ વાદી નં.૧ ને તાલાલા મુકામે તથા વાદી નં.૨ તથા પ્રતિવાદી નં.૨ ને વેરાવળ મુકામે પ્લોટો અપાવી દીધેલ અને તેની અવેજની રકમ પણ પ્રતિવાદી નં.૧ નાએ ચુકવેલ અને આ ત્રણેય પ્લોટની જમીન ઉપર પ્રતિવાદી નં.૧ નાએ મોટો ખર્ચ કરી બાંધકામ કરી આ ત્રણેયને રહેવા માટે મકાનો બનાવી દીધેલ છે અને હાલ પ્રતિવાદી નં.૧ ને જાણવા મળ્યા મુજબ વાદી નં.૧ ને જે તાલાલ મુકામે પ્રતિવાદી નં.૧ નાએ જે પ્લોટ અપાવી દીધેલ અને તે પ્લોટ ઉપર બાંધકામ કરી દીધેલ તે મકાન વાદી નં.૧ નાએ કોઈકને ભાડે આપી દીધેલ છે. તેમજ વાદી નં.૧ ની ને વેરાવળ મુકામે બાયપાસ રોડ ઉપર સોલંકી ટાયર્સની પાછળ આવેલ પ્લોટ અપાવી દીધેલ અને તે પ્લોટ તથા બાંધકામ પાછળ મોટો ખર્ચ કરી મકાન બનાવી વાદી નં.૧ નીને આપી દીધેલ અને હાલ તેણી એટલે કે વાદી નં.૧ ત્યાં જ રહે છે. વાદીચણોના લગ્ન થઈ ગયા બાદ તેણીઓ સાસરે રહે છે અને લગ્નના શરૂઆતના થોડા મહીનાઓ સુધી વાદીચણો પ્રતિવાદી નં.૧ ની ખબર અંતર કાઢવા માટે આવતા હતા પરંતુ ત્યારબાદ ઘણા વર્ષો સુધી આ કામની વાદીચણો પ્રતિવાદી નં.૧ બીમાર પડતા તો તેમની કોઈ જ ખબર

અંતર કાઢતા ન હતા અને પ્રતિવાદી નં.૩ કે જે પ્રતિવાદી નં.૧ ની બીજી પત્ની છે તેણી પ્રતિવાદી નં.૧ ની સેવા–ચાકરી, દવા–સારવાર, દેખ–રેખ ઘણા વર્ષોથી કરતી આવેલ છે અને આજે પણ પ્રતિવાદી નં.૧ ની સેવા–ચાકરી, દેખ–ભાળ તથા ખાવા પીવાનું, કપડા–લતા ધોવાનું વિગેરે તમામ સેવાઓ પ્રતિવાદી નં.૩ કરતી આવેલ છે અને તેથી પ્રતિવાદી નં.૧ ને તેણી પ્રત્યે કુદરતી લાગણી અને પ્રેમ થઈ આવતા પ્રતિવાદી નં.૧ નાએ પોતે જ તેમની પાસે રહેલ બાકી જમીન જેના રે.સ.નં.૧૨૯૮, હે.૧–૬૩–૯૦ વાળી જમીન પ્રતિવાદી નં.૩ ના નામે કરી આપવાની ઈચ્છા થતા અને તે ઈચ્છા પ્રતિવાદી નં.૩ ને દર્શાવતા તેણી અને પ્રતિવાદી નં.૧ તથા બે સાક્ષીઓને સાથે લઈ વેરાવળ ગયેલા અને પ્રતિવાદી નં.૧ ની સુચનાથી દસ્તાવેજ બનાવનારે પ્રતિવાદી નં.૩ ના જોગ દસ્તાવેજ તૈયાર કરેલ અને તે દસ્તાવેજ પ્રતિવાદી નં.૧ ને વાંચી સંભળાવતા અને તેમાં જણાવેલ હકીકત પ્રતિવાદી નં.૧ ની સુચના મુજબ લખેલ હોય જેથી પ્રતિવાદી નં.૧ નાએ સહીઓ કરેલ અને હાજર સાક્ષીઓએ સહીઓ કરેલ અને પ્રતિવાદી નં.૩ નીએ પણ સહીઓ કરેલ અને ત્યારબાદ બધા સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી વેરાવળ સમક્ષ તા.૧૯/૧૨/૨૦૧૯ ના રોજ હાજર રહેલા અને ત્યાં સબ રજીસ્ટ્રારશ્રી વેરાવળ ધ્વારા પ્રતિવાદી નં.૧ નાને પ્રશ્નો પુછેલા અને પ્રતિવાદી નં.૧ નાએ જવાબો આપેલા અને પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૩ જોગ લેખ કરી આપેલ છે વિગેરેની કબુલાતો આપેલ અને તે મુજબ દસ્તાવેજની નોંધણી કરવામાં આવેલ અને દસ્તાવેજની વિગતે માલીકી ધોરણે દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદી નં.૩ નીને સોંપી આપેલ અને તેણી કબજો સંભાળી તેમાં ખેતી કરે છે અને પ્રતિવાદી નં.૧ નું ભરણ–પોષણ અને સેવા–ચાકરી પ્રતિવાદી નં.૩ ની કરે છે. આ કામની વાદીચણો પ્રતિવાદી નં.૧ ની તબીયત જયારે સારી ન હોય ત્યારે કે કયારેય ખબર અંતર કાઢવા આવેલ નથી તેમજ વાદી નં.૧ નો પુત્ર સંજય પ્રતિવાદી નં.૧ સાથે રહેતો નથી કે પ્રતિવાદી નં.૧ ની કોઈ સેવા–ચાકરી કરતો નથી તેમજ પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૩ જોગ જે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તેમાં દર્શાવેલ અવેજની રકમ કુદરતી લાગણી અને પ્રેમથી પ્રેરાઈ જઈને જતી કરેલ

છે અને પ્રતિવાદી નં.૧ નાએ રાજીખુશીથી સ્વૈચ્છીક રીતે કોઈપણ જાતના દબાણ વગર પ્રતિવાદી નં.૩ જોગ દસ્તાવેજ કરી આપેલ છે અને વાદી એમ કહેતા હોય કે પ્રતિવાદી નં.૧ માનસીક રીતે અસ્વસ્થ છે તો તે હકીકત તદન ખોટી છે પરંતુ ઉંમરના કારણે શારીરીક નબળાઈ રહેતી હોય અને નાની મોટી તકલીફ રહેતી હોય તેવા કારણોસર પ્રતિવાદી નં.૧ માનસીક રીતે અસ્થિર છે તેમ કહી શકાય નહી. તેમજ પ્રતિવાદી નં.૧ માનસીક રીતે સ્વસ્થ છે તે મતલબનું સિવીલ હોસ્પીટલ વેરાવળ માંથી ફીટનેસ સર્ટીફીકેટ પણ મેળવેલ છે અને પ્રતિવાદી નં.૧ નાએ સાવધ અવસ્થામાં પ્રતિવાદી નં.૩ ને જે રજી. વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે પ્રતિવાદી નં.૧ ની સ્વૈચ્છીક ઈચ્છાથી અને સ્વસ્થ મને અને કુદરતી લાગણીથી પ્રેરાઈને કરી આપેલ છે, તેને ચેલેન્જ કરવાનો વાદીઓનો કોઈ હકક, અધિકાર નથી તેવુ જણાવી વાદીની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) વાદી તરફે પ્રતિવાદીના જવાબ સામે આંક–૨૦ થી રીજોઈન્ડર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં મહદઅંશે પોતાના દાવાની હકીકતોને વળગી રહેલ છે અને પ્રતિવાદીના જવાબની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૪) બંને પક્ષની દલીલો સાંભળી, વાદી તરફે આંક–૨૩ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લીધી. જયારે પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી એ.એ.ભાદરકા રજુઆત કરતા જણાવે છે કે દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ ની સ્વપાર્જીત મિલકત છે, વડીલોપાર્જીત મિલકત નથી કે વડીલોપાર્જીત મિલકત હોવાનું વાદી તેમના દાવામાં કોઈ કથન પણ કરતા નથી કે વાદીની દાવાવાળી મિલકત વડીલોપાર્જીત હોવા અંગે કોઈ દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલ નથી. દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ નાએ રજી. વેચાણ દસ્તાવેજથી તેમની પોતાની આવક માંથી ખરીદ કરેલ છે. આમ, દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ ની સ્વપાર્જીત મિલકત હોય તેમાં વાદીઓનો કોઈ હકક, હિત કે અધિકાર ન હોય અને પ્રતિવાદી નં.૧ પોતાની સ્વપાર્જીત મિલકત પોતાની ઈચ્છા મુજબ

ઉપયોગ ઉપભોગ કરવા અને નિકાલ કરવા હકક અને અધિકાર ધરાવે છે. વાદી ધ્વારા પ્રતિવાદી નં.૧ અસ્થિર મગજના હોવાનું જણાવવામાં આવેલ છે પરંતુ વાદીએ જ તેમના દાવામાં પ્રતિવાદી નં.૧ ને પ્રતિવાદી તરીકે જોડેલ છે. જો પ્રતિવાદી નં.૧ અસ્થિર મગજના હોય તો અસ્થિર મગજના વ્યકિત સામે સીધો દાવો થઈ શકે નહી અને તેમના ગાર્ડીયન નિમવા જોઈએ પરંતુ પ્રતિવાદી નં.૧ અસ્થિર મગજના નથી અને પ્રતિવાદી નં.૧ ધ્વારા સ્વસ્થ હોવા અંગે સિવીલ હોસ્પીટલ વેરાવળનું પ્રમાણપત્ર પણ રજુ કરવામાં આવેલ છે. વાદી તરફે પ્રતિવાદી નં.૧ ના સારવારના પેપર્સ રજુ કરેલ છે તે જોતા પણ પ્રતિવાદી હાલમાં અસ્થિર મગજના હોય તેવુ કહી શકાય નહી અને વાદીએ પોતાના જ પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ દાવો દાખલ કરેલ હોય તેથી પ્રતિવાદી નં.૧ અસ્થિર મગજના હોવાનું માની શકાય નહી અને પ્રતિવાદી નં.૧ ને તેમની સ્વાપાર્જીત મિલકતનો પોતાની ઈચ્છા મુજબ ઉપયોગ ઉપભોગ કરવા અને વેચાણ કરવા હકક, અધિકાર હોય અને તે મુજબ પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૩ જોગ રજી. વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોય વાદીઓનો દાવાવાળી મિલકતમાં કોઈ હકક કે અધિકાર રહેતો નથી. તેવા સંજોગોમાં વાદીઓનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી અને તેથી વાદીની મનાઈહુકમની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૫) સદર અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઠરાવવામાં આવેલ છે.

**<u>-:: મુદ્દાઓ ::-</u>**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે?

૩. શું વાદીને નાણાંમાં ન મુલવી શકાય તેવુ નુકશાન થવા સંભવ છે?

૪. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયના જવાબ નીચે મુજબ છે.

૧. '' નકારમાં '',

૨. '' નકારમાં '',

૩. '' નકારમાં '',

૪. આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા ::-**

(૭) આ કામે મુદા નંબર ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન નિવારવા માટે મુદા નંબર ૧ થી ૩ની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

(૮) વાદી ધ્વારા હાલની અરજીમાં એવી તકરાર લેવામાં આવેલ છે કે દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ ની માલીકીની મિલકત છે અને હિન્દુ અવિભકત કુટુંબની મિલકત છે અને તેમાં વાદીઓનો કાયદેસરનો ૨/૭ હિસ્સો લાગભાગ સમાયેલ છે. પ્રતિવાદી નં.૧ ની માનસીક અસ્થિરતાનો લાભ લઈ પ્રતિવાદી નં.૩ નાએ દાવાવાળી મિલકતનો બીનઅવેજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે, જે દસ્તાવેજ ગેરકાયદેસરનો અને નિરર્થક છે અને દાવાવાળી મિલકતમાં વાદીઓનો હકક, હિત સમાયેલ છે. તેથી વાદીઓએ હાલની અરજીમાં માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે. પ્રતિવાદી તરફે તેમના જવાબમાં એવી તકરાર લેવામાં આવેલ છે કે દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ ની સ્વપાર્જીત મિલકત છે અને પ્રતિવાદી નં.૧ ને તેમની સ્વપાર્જીત મિલકતનું તેમની ઈચ્છા મુજબ વેચાણ કરવા હકક અને અધિકાર છે. વાદીઓનો તેમાં કોઈ લાગભાગ, હકક, હિસ્સો સમાયેલ નથી અને પ્રતિવાદી નં.૧ નાએ તેમની ઈચ્છા અને મરજીથી પ્રતિવાદી નં.૩ જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. પ્રતિવાદી નં.૧ માનસીક રીતે અસ્થિર હોવાની વાદી તરફે તકરાર લેવામાં આવેલ છે. પ્રતિવાદી માનસીક રીતે સ્વસ્થ

છે અને પ્રતિવાદી નં.૧ નાએ સ્વેચ્છીક સંમતિથી પ્રતિવાદી નં.૩ જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે, જે કરવાનો પ્રતિવાદી નં.૧ ને હકક, અધિકાર છે. વાદીઓ પ્રતિવાદી નં.૧ ની પુત્રીઓ છે અને તેમના લગ્ન વખતે તેમને કરીયાવર, દર–દાગીના આપેલ છે તેમજ પ્લોટ લઈ તેમાં મકાનનું બાંધકામ પણ કરી આપેલ છે. તેથી વાદીઓને હાલનો દાવો લાવવાનું કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી તેથી વાદીની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૯) બંને પક્ષની રજુઆતો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા દાવાવાળી મિલકત હાલમાં પ્રતિવાદી નં.૩ ના નામે ટ્રાન્સફર થઈ ગયેલ હોવાનું જણાઈ આવે છે. તેમજ ખુદ વાદી તરફે રજુ કરવામાં આવેલ નિશાની ૩/૬ નું હકકપત્રક વંચાણે લેતા તેમાં નોંધ નંબર ૬૫૨૯ થી પ્રતિવાદી નં.૧ નું ખેડ ખાતા નં.૪૯૫ રેવન્યુ સર્વે નં.૧૩૦૪ તથા ૧૨૯૮ ની નોંધ છે. સદર હકકપત્રક જોતા પ્રતિવાદી નં.૧ ને સદર મિલકત વારસાઈથી મળેલ હોવાની કોઈ હકીકત જણાઈ આવતી નથી. પ્રતિવાદી તરફે રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવો જોતા નિશાની ૧૬/૧ થી ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૩૨૫૩ રજુ રાખેલ છે. જે સર્વે નંબર ૧૩૦૪ અંગેની નોંધ છે અને તે પ્રતિવાદી નં.૧ નાએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હોવા અંગેની નોંધ છે. તેમજ નિશાની ૧૬/૨ થી ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૪૦૫૧ રજુ કરેલ છે. જે દાવાવાળી જમીન સર્વે નંબર ૧૨૯૮ ની નોંધ છે અને તેમાં આહેર બચુ લખમણ પાસેથી પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી જમીન વેચાણ રાખેલ હોવાની નોંધ કરવામાં આવેલ છે અને તે તા.૨૧/૧૧/૧૯૭૭ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે. આમ, સદર નોંધો જોતા દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ નાએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હોવાનું જણાઈ આવે છે. પ્રતિવાદી નં.૧ ને દાવાવાળી મિલકત વારસાઈમાં મળેલ હોય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. તેવા સંજોગોમાં પ્રતિવાદી નં.૧ દાવાવાળી મિલકતના સ્વતંત્ર માલીક છે અને તેઓ તેમની હયાતીમાં દાવાવાળી મિલકત તેમને યોગ્ય લાગે તે રીતે ઉપયોગ ઉપભોગ કરવા અને તેઓને તેમને યોગ્ય

લાગે તે રીતે નિકાલ કરવાનો હકક અધિકાર છે. વાદીઓના કથન મુજબ તેઓનો જન્મથી દાવાવાળી મિલકતમાં હકક અધિકાર હોવાનું માની શકાય તેમ નથી. જો દાવાવાળી મિલકત વડીલોપાર્જીત મિલકત હોત અને પ્રતિવાદી નં.૧ ને વારસાઈ હકકે મળેલ હોત તો વાદીઓનો તેમાં જન્મથી હકક અધિકાર હોવાનું માની શકાય પરંતુ પ્રતિવાદી નં.૧ ધ્વારા રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ સ્વપાર્જીત મિલકતમાં વાદીઓનો જન્મથી હકક અધિકાર હોવાનું માની શકાય તેમ નથી અને પ્રતિવાદી નં.૧ નાને દાવાવાળી મિલકત તેમની ઈચ્છા મુજબ તેમને યોગ્ય લાગે તેને વેચાણ કરવા હકક અધિકાર રહેલ છે.

(૧૦) વાદી તરફે તેમની અરજીમાં એવી તકરાર લેવામાં આવેલ છે કે પ્રતિવાદી નં.૧ ની માનસીક અસ્થિરતાનો લાભ લઈ પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૧ પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે. તે અનુસંધાને જોવામાં આવે તો પ્રતિવાદી માનસીક રીતે સ્વસ્થ છે તે અંગે પ્રતિવાદી તરફે નિશાની ૧૬/૮ થી ગર્વમેન્ટ હોસ્પીટલ વેરાવળનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે. વાદી તરફે પ્રતિવાદી નં.૧ ના માંદગી સબબના દસ્તાવેજી પુરાવા નિશાની ૩/૧૨ થી રજુ રાખેલ છે. જે જોતા તે પુરાવો સને ૨૦૧૨ ની સાલનો છે અને તેમાં પણ પ્રતિવાદી નં.૧ માનસીક અસ્થિર હોવાનું જણાઈ આવતુ નથી. ઉપરાંત વાદી ધ્વારા હાલનો દાવો પ્રતિવાદી નં.૧ ને જાતે પ્રતિવાદી તરીકે જોડીને કરવામાં આવેલ છે. જો પ્રતિવાદી નં.૧ માનસીક અસ્થિર હોય તો વાદી માનસીક અસ્થિર વ્યકિત સામે પર્સનલ કેપેસીટીમાં દાવો લાવી શકે નહી અને માનસીક અસ્થિર વ્યકિત સામે દાવો કરવો હોય તો તેના ગાર્ડીયન નિમીને દાવો થઈ શકે. જયારે વાદીએ પ્રતિવાદી નં.૧ સામે પ્રતિવાદી નં.૧ ને જાતે જોડીને હાલનો દાવો કરેલ છે અને પ્રતિવાદી નં.૧ નાએ વાદીના દાવાનો જવાબ પણ રજુ રાખેલ છે. તેમજ જવાબના સમર્થનમાં પ્રતિવાદી નં.૧ નાએ સોગંદનામુ પણ કરેલ છે. તે તમામ હકીકતો ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧ માનસીક અસ્થિર હોવાનું અને તેની માનસીક અસ્થિરતાનો લાભ લઈ પ્રતિવાદી નં.૩ નાએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ હોવાનું જણાઈ આવતુ નથી અને પ્રતિવાદી નં.૧ નાએ જાતે વાદીના દાવાનો જવાબ રજુ રાખીને તેઓ

માનસીક અસ્થિર નથી અને તેઓ પોતાની ઈચ્છા મુજબ જ પ્રતિવાદી નં.૩ ને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તેવુ કથન કરેલ છે. તે તમામ હકીકત જોતા વાદી પ્રતિવાદી નં.૧ માનસીક અસ્થિર હોવાની અને તેનો લાભ લઈ પ્રતિવાદી નં.૩ નાએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ હોવાની હકીકત માનવા યોગ્ય જણાતી નથી.

**(૧૧)** આમ, ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧ માનસીક અસ્થિર હોવાનું જણાઈ આવતુ નથી અને દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ ની સ્વપાર્જીત મિલકત હોવાનું જણાઈ આવે છે અને પ્રતિવાદી નં.૧ ને તેમની સ્વપાર્જીત મિલકત અંગે તેમને યોગ્ય લાગે તે પ્રકારે કાયદાકીય વ્યવહાર કરવા હકક અને અધિકાર પ્રાપ્ત થયેલ છે અને તે મુજબ પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૩ જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. ઉપરાંત દાવાવાળી મિલકત વડીલોપાર્જીત મિલકત નથી અને પ્રતિવાદી નં.૧ ની સ્વપાર્જીત મિલકત છે. તેથી વાદીઓનો દાવાવાળી મિલકતમાં જન્મથી જ હકક અધિકાર હોવાની હકીકત પણ જણાઈ આવતી ન હોય વાદીઓનો કોઈ પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવતુ નથી.

**(૧૨)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીઓનો કોઈ પ્રથમદર્શનીય કેસ ન હોય વાદીઓને તેમની અરજીમાં માંગ્યા મુજબ મનાઈ હુકમ નહી આપવાથી કોઈ નાણાંમાં ન મુલવી શકાય તેવુ નુકશાન થતુ હોવાનું જણાઈ આવતુ નથી. ઉપરાંત વાદીઓનો દાવાવાળી મિલકતમાં જન્મથી હકક અધિકાર પ્રાપ્ત થયેલ હોવાનું જણાઈ આવતુ ન હોય અને દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ ની સ્વપાર્જીત મિલકત હોય અને પ્રતિવાદી નં.૧ નાએ પોતાની ઈચ્છા મરજી મુજબ પ્રતિવાદી નં.૩ જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોય અને પ્રતિવાદી નં.૩ દાવાવાળી મિલકતના માલીક અને કબજેદાર બનેલ હોય તેથી વાદીઓનો દાવાવાળી મિલકતમાં કોઈ હકક અધિકાર હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવતુ નથી. તેવા સંજોગોમાં મનાઈ હુકમ નહી આપવાથી વાદીઓને કોઈ

નુકશાન થતુ હોવાનું જણાઈ આવતુ નથી. જયારે પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૧ પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી દાવાવાળી મિલકત ખરીદ કરેલ હોય અને તેમના કબજા ભોગવટામાં હોય અને રેવન્યુ રેકર્ડમાં પણ પ્રતિવાદી નં.૩ નું નામ ચઢી ગયેલ હોય અને પ્રતિવાદી નં.૩ દાવાવાળી મિલકતના માલીક અને કબજેદાર બની ગયેલ હોય જેથી દાવાવાળી મિલકતનો ઉપયોગ ઉપભોગ કરવા પ્રતિવાદી નં.૩ ને હકક અધિકાર રહેલ હોય વાદીઓને તેમની અરજીમાં માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદી નં.૩ ને વાદી કરતા વિશેષ નુકશાન થતુ હોવાનું જણાઈ આવતુ હોય, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં હોવાનું જણાઈ આવતુ નથી કે વાદીઓને કોઈ નાણાંમાં ન મુલવી શકાય તેવુ નુકશાન થતુ હોવાનું જણાઈ આવતુ નથી. તે તમામ હકીકત ધ્યાને લેતા મુદા નં.૧ થી ૩ નો જવાબ ''**નકારમાં**'' આપી મુદા નં.૪ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

૧) વાદીની આંક–પની વચગાળાની મનાઈ હુકમ મેળવવાની અરજી આથી રદ યાને નામંજુર કરવામાં આવે છે.

૨) ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તારીખ–૨૦મી, માહે–ઓકટોબર, સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૦/૧૦/૨૦૨૧
સ્થળ : વેરાવળ

(મહેમુદ ઉસ્માન કુરમાની)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ
વેરાવળ
(કોડ નં. જીજે–૦૧૦૧૨)